વાર્ષિક લવાજમ રૂ. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૧૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑગસ્ટ ૨૨, ૨૦૧૯

# સહકારિતાની કાર્યશિબિર

અમારી મંડળીથી બિહારની શ્રમજીવી કામદાર બહેનોને નાણાંકીય સેવાઓ પુરી પાડીએ છીએ. પરંતુ, અમને બિહારના સહકારી વિભાગનો સાથ મળતો નથી, આ શબ્દો હતા બિહાર બચત મંડળીના મંજુબહેનના.

અમારે અરૂણાચલ પ્રદેશમાં વાહન વ્યવહારની મંડળી ઉભી કરવી છે. પરંતુ, અમને કોણ કાર્યકારી મૂડી આપે? અમને એ ક્યાંથી મળશે? સવાલ કરતાં જારજૂમ એ કે.

અમે વણાટની સાડીઓ બનાવીએ છીએ પણ, એના વેચાણમાં ખૂબ તકલીફ પડે છે. ઑનલાઇન વેચાણ કેવી રીતે થાય તે અમારે જાણવું છે આ વાક્ય કહેતાં રહીમાબહેન ઉત્તરપ્રદેશના. શ્રમજીવી બહેનોની સહકારી મંડળીઓના આવા પ્રશ્નો હલ કરવા તથા મંડળીઓના મજબૂતીકરણ માટે અમદાવાદમાં રાષ્ટ્રીય કાર્ય શિબિર તા. ૮/૯ ઓગસ્ટના ગોઠવવામાં આવી. આ શિબિર 'સેવા' કોઑપરેટીવ ફેડરેશન, સેવા ભારત, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઇ.એલ.ઓ.) આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ (આઇ.ટી.એ.)ના સંયુક્ત પ્રયાસથી યોજાયો. જેમાં ૧૨ રાજ્યોની ૨૧ સહકારી સંસ્થાઓ ૪૫ આગેવાનો સામેલ હતા. જેમાં ઈરાનના 'રાહે રોશદ' શૈક્ષણિક સંકુલના ફારોગબહેન અને શેમીરામીસબહેને પણ ભાગ લીધો.

સૌનું સ્વાગત કરતાં મિરાઇબહેને કાર્ય શિબિરનો હેતુ જણાવ્યો.

(૧) મહિલા સહકારી મંડળીઓની જરૂરિયાત સમજવા જેથી, તેમને તેમનો વિકાસ થવા માટે સાથ સહકાર મળે. તેમને જણાવ્યું કે, ભારતમાં હાલમાં ૮ લાખથી વધુ મંડળીઓ છે. પરંતુ, મહિલા મંડળીઓની સંખ્યા ૧%થી પણ ઓછી છે. આપણે સાથે રહીને આ પરિસ્થિતિ બદલીશું. તે માટે ભારતના દરેક ખૂણે મહિલા મંડળીઓ હોય જેથી તેમની સામુહિક અને આર્થિક પ્રવૃતિથી બહેનો પગભર થાય.

(૨) એકબીજાથી શીખે અને જાણે કે, મંડળીઓની સામે કઇ કઇ કસોટીઓ આવે છે અને એને પાર કેવી રીતે કરાય? આપણે બીજા દેશમાંથી આવેલા લોકોના અનુભવોમાંથી પણ શીખવા જેવું છે.

'સેવા'ના આંગણે સહકારિતા ની કાર્યશાળા થઇ તે સમયસર થઈ છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાની આંતરરાષ્ટ્રીય કામદાર પરિષદ (ઈન્ટરનેશનલ લેબર કોન્ફરન્સ)માં કામનાં ભવિષ્ય (ફ્યુચર ઑફ વર્ક)નું ડેક્લેરેશન થયું તેમાં પણ સહકારી મંડળીઓનો ઉલ્લેખ છે. આ ડેક્લેરેશનમાં સહકારી મંડળીઓ આવી જાય તે માટે 'સેવા'એ ખૂબ મહેનત કરીને આગેવાની લીધી હતી. ઈલાબહેન વારંવાર કહે છે કે, સંઘર્ષ અને વિકાસ જુદાં નથી. સંઘર્ષમાં વિકાસ છે અને વિકાસમાં પણ સંઘર્ષ છે જે વર્ષોથી અને અસંગઠિત શ્રમિકોનાં કેસમાં અનુભવતાં જઇએ છીએ. આ અંકમાં છ વર્ષની ઉંમરે બાળલગ્ન થઇ ગયેલ, સાત ચોપડી ભણેલી 'સેવા'ની ત્રીજી પેઢી પાયલના મતે 'સ્વરાજ' એટલે માથે નહી ઓઢવાનું જાતે નિર્ણય લેવા, પોતાનાં નામે બેંકમાં ખાતું હોવું તે જ સ્વરાજ છે તેની વાત છે.

**- મનાલી**



ડાબેથી મિત્તલબેન બાજુમાં વેચ્યુલો કનાવ, કેલ્વીન સાર્જેન્ટ, મિરાઈબેન, સિમેલ એસીમ




ઈલાબેન સાથે સંદિપ નાયક અને સિમેલ એસીમ

(૩) આપણે મંડળીઓના ધંધાકીય આયોજનમાં ટેકો આપીશું. જેથી, મંડળીઓ પગભર થાય, બહેનો ભારતના અર્થતંત્રમાં વધુ સક્રિયતાથી ભાગ લે અને તેમનું સશક્તિકરણ થાય. સ્વાભાવિક છે કે, આમ કરવાથી સમાજ અને અર્થતંત્રમાં ખૂબ સકારાત્મક પ્રભાવ પડશે.

(૪) બીજી સંસ્થાઓ સંગઠનો અને નિષ્ણાંતો સાથે ભાગીદારીમાં કામ કરે જેથી, મહિલા મંડળીઓનું મજબૂતી કરણ થાય.

(૫) નીતિના બદલાવ માટે કામ કરીએ જેથી, એવી નીતિઓ અને કાયદા ઘડાય જેના થકી બહેનોની મંડળીઓને બનાવવામાં તેમજ ટકાવવામાં પ્રોત્સાહન મળે.

આ કાર્યશાળાને રચતાં દોઢ વર્ષ થયું! પરંતુ, આપણે સાથે એનું પરિણામ તથા આગળનું કામ કરીશું.

પૂજ્ય ગાંધીજીના મૂલ્યો માત્ર 'સેવા'ને નહી પરંતુ, આખી સહકારી ચળવળને પ્રેરિત કરે છે. ગાંધીજીને સ્થાનિક વિકેન્દ્રીત વિકાસમાં અતૂટ વિશ્વાસ હતો. તેઓ સ્વદેશીમાં માનતા હતા. આપણે આજે સાથે રહીને આપણા આઝાદીના આંદોલનમાં બાકી રહેલ કામ પુરું કરીશું. જેથી, આપણા દેશમાં આપણને ગરીબી અને ભૂખથી મુક્તિ મળશે અને ન્યાયી, સમાનભારતની રચના થકી પગભરતા તરફ આગળ વધીશું. આ વર્ષે આપણે ગાંધીબાપુની જન્મતિથિના ૧૫૦ વર્ષની ઉજવણી કરીએ છીએ. તેમના મૂલ્યો સત્ય, અહિંસા, સર્વધર્મ, લોકશાહી અને રચનાત્મક કાર્યમાં આપણને આપણી ચર્ચાઓમાં દિશા સૂચન કરતાં રહેશે.

કાર્યશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે ઈલાબહેને જણાવ્યું કે, ભારતમાં ૯૫% કામદારો અસંગઠિત ક્ષેત્રના છે. 'સેવા' ગરીબ શ્રમજીવી મહિલા કામદારોનું રાષ્ટ્રીય યુનિયન છે. જ્યારે ગામની એક મહિલા પોતાના ગામમાં ગાય દોહે ત્યારે તેને કામદાર ગણવામાં આવતી નથી. પરંતુ, જ્યારે તે દૂધ મંડળીમાં જોડાય છે ત્યારે તેને ઓળખ અને દ્રશ્યતા મળે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સેવા' દ્વારા સૌથી વધારે મંડળીઓની રચાય થઇ છે. આ તમામ મંડળીઓ શ્રમિક આંદોલનથી વિકસી છે. મંડળીઓ દ્વારા બહેનો વચોટીયાઓની પકડમાંથી છૂટીને સ્વરાજ તરફ આગળ વધી રહી છે. 'સેવા'માં અમે શીખ્યા છીએ કે, સંઘર્ષ અને વિકાસ બન્ને જરૂરી છે. જો બહેનોને પગભરતા તરફ આગળ જવું હોય તો સંઘર્ષ વિના વિકાસ નહી થાય. એટલે યુનિયન અને કોઑરેટીવ બન્નેની જરૂર છે. આને હું 'ઇકોનૉમી ઑફ નચરન્સ' કહું છું. કસોટી એ છે કે, નાના રહીને મોટા કેમ થઇએ? મને કાયમ સ્થાનિક બહેનોની શક્તિમાં શ્રદ્ધા રહી છે. ઉત્પાદકો અને વાપરનારાના વચ્ચે અંતર ઓછું હોવું જોઇએ. અને બહેનો આ બરાબર સમજે છે. ''હું માલિક, હું વાપરાશકર્તા ને હું જ મેનેજર'' જ્યારે આવું હોય, તો બધાનું સામુહિક હિત સચવાય. મારું માનવું છે કે, સહકારી મંડળીઓ આપણા અર્થતંત્રનું ભવિષ્ય છે. મંડળીઓ દ્વારા શાંતિ અને સમૃદ્ધિ ફેલાય અને વિશ્વના જટીલ પ્રશ્નનો સ્થાનિક સ્તરે હલ મળશે.

કાર્યશાળામાં ભાગ લેનાર બહેનોને સંબોધિત કરતાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એન.સી.ડી.સી.)ના મેનેજિંગ ડાયરેક્ટર સંદિપ નાયકે જણાવ્યું કે, એન.સી.ડી.સી.ની સ્થાપના ૧૯૬૩માં થઇ અને સહકારી મંડળીઓને સાથ આપવો એ અમારો હેતુ છે. એન.સી.ડી.સી. દ્વારા ગયા વર્ષે ૪૨૦ કરોડ રૂપિયાનું ધિરાણ કર્યું છે. જેમાં, મહિલાઓની મંડળીઓનો પણ સમાવેશ થાય છે. વધુમાં જણાવ્યું કે, મને ઘણો આનંદ થાય છે કે, આ કાર્યશાળામાં ઉત્તર પૂર્વી રાજ્યના બહેનો સામેલ છે. એન.સી.ડી.સી.એ

મેઘાલય અને નાગાલેન્ડની બહેનોને ઘણી લોન આપેલી છે. મંડળીઓને સલાહ આપતા કહયું કે, રોજગાર સિવાય ડિજીટલાયઝેશન ઉપર ધ્યાન આપવું જોઇએ. એન.સી.ડી.સી. પ્રધાનમંત્રીના સૂચન મુજબ ખેડૂતોની આવક બમણી કરવા જઇ રહયા છે. વધુમાં જણાવ્યું કે, એક નવુ લોન ફંડ ઉભુ કર્યુ છે, જેનાથી 'યુવા સહકાર સ્ટાર્ટઅપ' અને એન.સી.ડી.સી. ખાસ વિકલાંગ, પિડિત વ્યક્તિની મંડળીઓ અને મહિલા મંડળીઓને અનુકૂળ નિયમો સાથે ભંડોળ પૂરું પાડે છે. મને સહકારી મંડળીઓ પર પૂરો વિશ્વાસ છે.

ઉદ્‌ઘાટન સમારંભના ભાગરૂપે ઘનશ્યામભાઇ અમીન ઉપપ્રમુખ, 'નેશનલ કોઑપરેટીવ યુનિયન ઑફ ઇન્ડિયા' (એન.સી.યુ.આઇ.) અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષે કહયું કે, આ કાર્યશાળા ગુજરાતમાં યોજાયેલ છે તે બરાબર છે. કેમ કે, ગુજરાત સહકારી મંડળીઓનું પવિત્ર ધામ છે. તેમને શુભેચ્છા પાઠવતા કહયું કે, ગુજરાતની વિવિધ મંડળીઓની મુલાકાત બીજા રાજ્યોમાંથી આવેલા બહેનોએ પણ મુલાકાત લેવી જોઇએ.

કાર્યશાળાનાં મુખ્ય વક્તા તરીકે 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન' (આઇ.એલ.ઓ.) કોઑપરેટીવ યુનિટ'નાં ડિરેક્ટર ડૉ. સિમેલ એસિમે મુખ્ય વક્તવ્ય આપ્યું કે, કોઑપરેટીવના આગેવાન બહેનો સાથે બેસીને ચર્ચા કરવાની આ મારા માટે ખાસ તક છે. મારા દેશ તુર્કીમાં બહેનોની મંડળીઓ ચાલે છે જેથી, બહેનોની સોદાશક્તિ અને સામુહિક બળ વધ્યું છે. બહેનો દૃશ્યમાન થયા અને તેમનું સશક્તિકરણ થયું. ઘણી મંડળીઓમાં બહેનો પાસે માહિતી નથી હોતી, નાણાંકીય સેવાઓ કઇ રીતે લેવી, કયો ટેક્ષ ભરવાનો, માહિતીના અભાવને લીધે તેમની અમુક મંડળી બરાબર નહીં ચાલી. મને વિચાર આવ્યો કે જો આ મંડળીઓ પાસે 'સેવા' જેવું સંગઠન અને 'સેવા' કોઑપરેટીવ ફેડરેશન હોત તો કદાચ ટકી શકત. વધુમાં જણાવ્યું કે, આ કાર્યશાળા બરાબર સમયસર ગોઠવાઇ, કારણ કે, આખી દુનિયામાં વૈકલ્પિક ઉત્પાદનના માળખાઓની શોધ ચાલી રહી છે.

હાલ 'સોશિયલ સોલીડારેટીવ ઇકોનૉમી' (સામાજિક એકજૂઠ અર્થતંત્ર)ની વાત ચાલે છે. જેનો અર્થ થાય છે કે, એવું અર્થતંત્ર જે ભગિનીપણું અને સામાજિક ઉત્થાન પર ચાલે. જે, મૂલ્ય આધારિત હોય પણ મંડળીઓ એકલા આ માર્ગે નહીં ચાલી શકે. આ માર્ગે ટ્રેડ યુનિયનનો પણ સાથ જોઇએ. કેમ કે, મંડળીઓ અને યુનિયનના મૂલ્યો એક જ છે.

આઇ.એલ.ઓ.માં આપણે ૧૦૯ દેશોનો સર્વે કર્યો તેમાંથી જાણ્યું કે, ૮૫% યુનિયનો મંડળીઓ સાથે સંકળાયેલા છે અને ૭૫% મંડળીઓને સાથ સહકાર આપવા માગે છે. ૨/૩ યુનિયનો તેમના સભ્યોને મંડળીઓની મદદથી આરોગ્ય સેવા અને નાણાંકીય સેવા પહોંચાડતા હતા. હાલમાં શ્રમની દુનિયામાં કેટલીક કસોટીઓ છે. જેમાં નવી 'ગીગ' ઇકોનોમી પણ છે. આ કસોટીઓ જોતા દુનિયાના ટ્રેડ યુનિયનો સેવાની જેમ સંઘર્ષ અને વિકાસની વ્યૂહ રચના અપનાવે તે જરૂરી છે. વર્ષ ૨૦૧૮માં આઇ.એલ.ઓ. દ્વારા 'સેવા કોઑપરેટીવ ફેડરેશન' સાથે 'સેવા'ની સહકારી મંડળીઓની યાત્રાના અનુભવો અંગે ૧૨ કેસ સ્ટડી તૈયાર કરી છે. આ પ્રકાશનમાં વિવિધ મંડળીઓનાં સંઘર્ષની વાતોનો ઉલ્લેખ છે, અને જે રીતે તેમને રસ્તો કાઢયો એ બીજા દેશો માટે ખૂબ ઉપયોગી છે. હાલમાં 'સેવા' કોઑપરેટીવ ફેડરેશન દ્વારા મંડળીઓના મજબૂતીકરણનું કામ થઈ રહયું છે. માર્કેટીંગ અને નિતી બદલાવના કાર્યમાં મારું સૂચન છે કે, આ પસૌ વધુ ને વધુ યુવાઓ ને મંડળીઓના કાર્યમાં સાંકળીએ અને તેમને તમારા જેમ કુશળ આગેવાન તરીકે તૈયાર કરો.

'ઇન્ટરનેશનલ કૉ-ઑપરેટીવ અલાયન્સ એશિયા-પૅસિફિક' (આઈ.સી.એ.)ના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર બાલુ ઐયરે ઉદઘાટન સમારંભમાં, મહિલા સહકારી મંડળીઓ અને ખાસ કરીને યુવાઓની મંડળીઓના અનુભવો રજૂ કરતાં કહયું કે, આપણે સૌ ધન્ય છીએ કે આવી કાર્યશિબિરમાં ભાગ લેવાનો મોકો મળ્યો. ભારતમાં પહેલી વખત ગ્રાસરૂટના આગેવાન બહેનો માટે આવી કાર્યશિબિર યોજાઇ. જેમાં અમારો પૂરો સાથ છે.

કાર્યશિબિરમાં ૪ પેનલ હતી જેમાં મંડળીના આગેવાન બહેનો તથા નિષ્ણાંતો પોતાના અનુભવો અને પડકારોની આપ-લે કરી.

પ્રથમ પેનલ નાણાંકીય સેવાઓ ઉપર હતી જેમાં વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. જેમાં 'સેવા'ની ભગિની સંસ્થા

'એફ.ડબલ્યુ. ડબલ્યુ.બી.' (ફ્રેન્ડ ઑફ વિમેન વર્લ્ડ બેંકિંગ)ના વડા વિજયાલક્ષ્મી દાસે કર્યુ.

'સેવા' બેંકના પ્રમુખ કાન્તાબહેન ચાવડાએ જણાવ્યું કે, અમે મહિને બોર્ડ મિટીંગમાં મળીએ છીએ. મિટીંગમાં આગામી માસનું આયોજન કરીએ છીએ, અને ખાસ શ્રમજીવી બહેનો પર જ ધ્યાન આપીએ છીએ, જેથી બહેનોને બચતની સેવાઓ મળે.

'સેવા બેંક'ના ડાયરેક્ટર જયશ્રીબહેન વ્યાસે સંકલિત 'સેવા પર વધુ ભાર મુકતાં જણાવ્યું કે, શ્રમજીવીબહેનો અને તેમની મંડળીઓને માત્ર ધિરાણની જરૂર નથી. પરંતુ બચતની વિવિધ યોજના, વિમા, પેન્શન અને નાણાંકીય શિક્ષણની જરૂર છે. 'સેવા'બેંકે ગુજરાત, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં બચત અને ધીરાણ મંડળીઓ બનાવવામાં મદદ કરી છે. આ તમામ મંડળીઓ પગભર છે. વધુમાં જણાવ્યું કે, મંડળીઓ સિવાય આપણા દેશમાં ૧ કરોડ બચત જૂથો છે. જેમાં ૨૦ કરોડ બહેનો કાર્યરત છે. આ જૂથો મંડળીઓના સિદ્ધાંતો પર ચાલે છે.

એન.સી.ડી.સી.ના શૈલેન્દ્રભાઈએ જણાવ્યું કે, ગુજરાતની બહેનો ખૂબ સાહસી છે. બહેનોની મંડળીના શક્તિ વિકાસ માટે એન.સી.ડી.સી. ટેકો આપી શકે છે. જે મંડળીઓ પગભર હોય અને પોતાના ધંધાને આગળ વધારવા માંગતા હોય તો એમને એન.સી.ડી.સી. દ્વારા રાહત દરે લોન આપવામાં આવે છે.

'નેશનલ કોઑપરેટીવ એગ્રીકલ્ચર રૂરલ ડેવલોપમેન્ટ'ના મેનેજિંગ ડાયરેક્ટર રવિન્દ્રનજીએ કહયું કે, મંડળીઓનો પોતાનો શેર કેપીટલ હોવાથી તે મૂડી પોતાના કાર્ય માટે વાપરવી જોઈએ. અને બહારના નાણા ઉપર ઓછો આધાર રાખવો જોઈએ. બહેનોની મંડળી માટે નાણા તો છે જ પરંતુ નિયમો બહેનોના મંડળીઓના અનુલક્ષીને નથી.

ત્યાર પછી મંડળીઓના આગેવાનો ચાર જૂથોમાં વહેંચાયા અને પોતાના અનુભવોની આપ-લે કરી. તેના ભલામણો આધારે તૈયાર કરી.

બહેનોના જૂથો તેમની આર્થિક પ્રવૃતિ પ્રમાણે ગોઠવાયું જેમ કે, નાણાંકીય સેવા આપતી મંડળીઓ, હસ્તકલા મંડળીઓ, મહિલા ખેડૂતો તથા મંડળીઓ આ સેવા આપતી પ્રમાણે વહેંચાયા.

બીજી પેનલ ડિજીટલાઇઝેશન પર હતી. આ યુગ પ્રમાણે ટેક્નોલૉજી ઇન્ટરનેટ, કોમ્પ્યુટર વગેરે વાપરીને બહેનોની મંડળીઓને મજબૂતીકરણ કેવી રીતે કરવું તેના વિશે માહિતી આપી.

'બીલ ગેટ્સ એન્ડ મીલાન્ડા' ફાઉન્ડેશનના મેનેજિંગ ડાયરેક્ટર યામિનીબહેને જણાવ્યું કે, ડિજીટલના સાધનો દ્વારા બહેનોને વધુ માહિતી મળી શકે આપ-લે થઇ શકે અને માર્કેટીંગ પણ થઇ શકે. વિખરાયેલા બહેનોમાં એક સૂત્રતા વધે એકતા વધે. એકબીજા સાથે સંચાર થાય ખાસ યુવા બહેનો અને મંડળીઓ ઝડપથી વિકસી શકે. ઇન્ટરનેટ દ્વારા નાણાકીય સગવડ મળી શકશે. પ્રશ્ન એ છે કે, આ તમામ ડિજિટલ સાધનો બહેનોના હાથમાં કેવી રીતે આવે? શ્રમજીવી બહેનો સંકલનમાં તેનો ઉપયોગ તેમને અનુલક્ષીને કેવી રીતે થાય? તેની વાત કરી.

'ઇન્ડસ્ટ્રીઝ' સંસ્થાના સહસ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર નિલમબહેને કહયું કે, ડિજીટલથી ઉત્પાદનો અને વાપરનારા વચ્ચેનું અંતર ઓછું થઇ શકશે. સૂચન કર્યુ કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેલ્યુ ચેઇન દ્વારા અર્થવ્યસ્થામાં વધુ લાભ મળી શકે છે. કર્ણાટકમાં હાલના ટોપલી બનાવવા વાળી બહેનોના દાખલા આપ્યા, જે પોતાના ગામમાં ટોપલી બનાવે છે. જે દુનિયાના મોટી આઇ. કે. ઇ. કંપની ખરીદીને વેચાણ કરે છે, બહેનોએ ટોપલી સમયસર તૈયાર કરવાનું શીખવું પડયું જેથી ઑર્ડર સચવાય.

'માઇન્ડ ટ્રી' સંસ્થાના દિપ્તીબહેને કહયું કે, અમે ખેડૂ મંડળીના બહેનો માટે ડિજીટલ સાધનો અને એપ્લીકેશન પણ તૈયાર કરી છે. ડિજીટલ એમ્પાવરમેન્ટના શૈયદભાઇએ પણ પોતાના અનુભવો કહયા.

અંતમાં 'આઇ. ટી. ફોર ચેન્જ'ના અનિતાબહેને કહયું કે, ઇન્ટરનેટ અને ડિજીટલ લોકોના કંન્ટ્રોલમાં રહેવું જોઇએ. ખાસ કરીને આંકડા તેમજ અમુક દાખલા આપ્યા કે, લોકો ને બદલે મશીનથી ખેતીકામ થાય ને ખેડૂતોની જરૂર ના પડે. એટલે કે રોજગારી ગુમાવી.

બીજે દિવસે બહેનો તેમનાં ૪ જૂથોમાં માર્કેટીંગના નિષ્ણાંતો સાથે અરસ-પરસ ચર્ચાઓ કરી અને પોતાના પ્રશ્નોને હલ કરવાનો પ્રયત્ન કર્યો.

એન. સી. યુ. આઇ. (NCUI) સંસ્થાના સંધ્યાબહેને

કોઑપરેટીવ પ્રત્યે તેમની શું જવાબદારી છે તે સમજાવ્યું અને કહ્યું કે, એન. સી. યુ. આઈ. મંડળીઓના શક્તિવિકાસ અને ખાસ કરીને બહેનોના શક્તિવિકાસ માટે કાર્ય કરે છે.

છેલ્લા સત્રમાં મંડળીઓના શુસાશન અને મજબૂતીકરણ,યોગ્ય નીતિના વાતાવરણને પર હતું. સૌ પ્રથમ નાગાલેન્ડના એલિસાબહેને બેનોને જણાવ્યું કે, મંડળીઓની નોંધણી કરવામાં ઘણા દસ્તાવેજોની જરૂર પડે છે અને પ્રક્રિયા જટીલ છે.

મરઘા ઉછેર મંડળીના કજરીબહેને કહ્યું કે, અમને કોઑપરેટીવ વિભાગનો સાથ જોઈએ, જેથી કરીને નોંધણી પણ સરળ થાય અને અમારા જેવી, વધુ મંડળીઓ બને.

ઈરાનના ફારોગબહેને કહ્યું કે, ભારતની મહિલા મંડળીઓ દ્વારા રોજગાર મળે છે તે ખાસ જાણવા અને શીખવા મળ્યું. એના માટે સરકારે યોગ્ય વાતાવરણ બનાવવું જોઈએ.

'સેવા'ના અનુભવના આધારે મિરાઈબહેને કહ્યું કે, યુનિયન અને કોઑપરેટીવ સંયુક્ત વ્યૂહરચના ના લીધે 'સેવા'ની મંડળીઓને ખૂબ ટેકો મળ્યો.

વધુમાં સંકલિત અભિગમના લીધે મંડળીઓ પગભર થઈ શકી. એટલે કે નાણાંકીય સેવા, આરોગ્ય સેવા, બાલસેવા જેવી સેવાઓ હોવાથી બહેનો નિશ્ચિત કામ કરીને અને પગભર થઈ શકી છે. આ સેવાઓ પણ મંડળીઓ જ છે ને બહેનો આગેવાની લેવા તૈયાર છે અને કુશળ મેનેજર બની શકે છે. પરંતુ સતત શકિતવિકાસની જરૂર છે. વધુમાં બહેનોની આગેવાની માટે સતત તાલીમ ખાસ સામુહિક આગેવાની માટે શક્તિવિકાસની જરૂર છે. મંડળીના સભ્ય સક્રિય રહે તે માટે સતત સંપર્કની જરૂર છે સાથે મંડળીના કામોમાં રહેવું પણ જરૂરી છે. ખાસ યુવા સભ્યને આવરી લેવાની જરૂર છે.

સૌદર્યમંડળીના મંજુલાબહેને કહયું કે, ટેન્ડર પદ્ધતિ બહેનોને ફાવતી નથી. કારણ કે, એમાં બહુ પ્રક્રિયા છે અને ભ્રષ્ટાચાર પણ થાય છે.

રચયિતા મંડળીના રતનબહેને કહયું કે, જી.એસ.ટી. ટેક્સ અમને ભારે પડે છે.

આઇ.એલ.ઓ. દિલ્હીના કેલ્વીનભાઇએ કહયું કે, મંડળીઓ દ્વારા ગરીબાઇ નાબૂદ થઇ શકે છે. અને શ્રમજીવીઓ તેમના માર્યાદિત સંસ્થાધનો દ્વારા રોજગારી ઊભી કરી શકે છે. મંડળીઓમાં દરેક કામદારોનો સમાવેશ થાય છે. અને વધારાની સાથે સામાજિક એકતા અને સામાજિક ઉત્થાન થાય,પરંતુ મંડળીઓના બહેનો આગેવાની ભાગ્યેજ લે. પોતાના દેશ ટ્રીનીદાદમાં મંડળીઓ ને ટેક્સ ભરવો પડતો નથી. તેમને જાણીને નવાઇ ગાલી કે, આપણા દેશમાં મંડળીઓને પણ ટેક્સ ભરવો પડે છે. અંતમાં એમને કહયું કે, સભ્યનું મજબૂતીકરણ અને ખાસ યુવાઓને સાંકળી લેવા જોઇએ.

'ઇરમા' સંસ્થાના પ્રોફેસર શૈલેન્દ્રભાઇએ કહયું કે, દૂધ મંડળીઓમાં બહેનોની સંખ્યા વધી છે અને તેમના અંદાજ પ્રમાણે ૧૬% બહેનોની મંડળી છે. વલસાડની દૂધ મંડળીમાં બહેનો પ્રમુખ છે પણ કાર્યકર્તા બધા ભાઇઓ છે. નાણાંકીય સેવાઓ આપતી સંસ્થાઓએ પોતાના નિયમો એવા બનાવવા જોઇએ કે જેમાં બહેનોને લાભ થાય.

'શ્રી કેશવ કોઑપરેટીવ ક્રેડિટ સોસાયટી' જૂનાગઢના સ્થાપક, વિનોદભાઇ ભરુચીયાએ જણાવ્યું કે, એક પરિવારના દુઃખદ અનુભવના લીધે તેમને આવી મંડળી બનાવવાનું સુઝયું. હાલમાં તેમની મંડળી ૧૨ જિલ્લાઓમાં કાર્યરત છે. ૩૦ હજાર સભ્યો છે. જેમાં ૧/૩ બહેનો છે. આગળ જતાં એક હજાર ગામડાઓ ને સમાવવાનું તેમનું આયોજન છે.

છેલ્લા સત્રમાં દરેક રાજ્યનાં આગેવાન બહેનાએ પોતાનું સૂચન આપ્યું. સેવા કેરેલા પ્રેરિત રચાયેલ વાંસકામ મંડળીના રોર્લિકબહેને કહયું કે, આ મારા માટે પહેલો અનુભવ છે. આવી કાર્યશાળામાં જેટલો અમે નફો કરીએ તેટલો અમારે ટેક્ષ ભરવાનો આવે છે તો અમે કેવી રીતે પગભર થઇએ? બીજું કે, અમને ડિજીટલ વિશે વધુ જાણવું છે.

ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના હેમલત્તાબહેને કહયું, આ જ કાર્યશાળામાંથી શીખ્યા કે, બહેનોની મંડળીઓ ખરા અર્થમાં બહેનોની જ હોવી જોઇએ, નહી કે, બહેનો હોય પણ ભાઇઓ ચલાવે!

ઉત્તરાખંડના 'એકતા' ખેડૂ મંડળના દિનાબહેને કહયું કે, કાર્યશાળામાંથી વેચાણ માટેનો નવો વિચાર મળ્યો કે, તેમને ખેડૂ મંડળ દ્વારા વધુ બહેનોને આવરી લેવાનું નક્કી કર્યું.

ઝારખંડના કજરીબહેને કહયું કે, જે અમે શીખ્યા તે અમે અમારા બધા જ સભ્યો વચ્ચે શેર કરીશું.

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## ખુશ ખબર

**સૌ બહેનો માટે**

**કરો હવે આપનું ઘર બનાવવાનું સ્વપન સાકાર**

**તમારા નામે તમારી મિલકત એ પણ ઓછા વ્યાજ દરે**

**તારીખ ૦૧/૦૭/૨૦૧૯ થી લાગુ**

(૧) સેવા બેંક માંથી ઘર ખરીદવાની લોન મેળવો ફક્ત ૯.૫% ના વ્યાજ દરે*

(૨) મકાન રીપેરીગ કરવા તથા મકાન મોર્ટગેજ કરી અન્ય કામ માટે મેળવો લોન ફક્ત ૧૨% ના વ્યાજ દરે*

* મહત્તમ લોનની લિમિટ R.૨૦ લાખ

* મહત્તમ સમયગાળો ૧૫ વર્ષ

**તત્કાલ આપની નજીકની શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ. ની શાખા નો સંપર્ક કરો અને ઓછા વ્યાજ દરનો લાભ લો.**

'સેવા કોઑપરેટીવ ફેડરેશનના મેનેજિંગ ડાયરેક્ટર મિત્તલબહેને બહેનોની રજૂઆતમાંથી ઉભરતા મુદ્દાઓનું સારાંશ કરતાં કહયું કે, બહેનોની સહકારી મંડળીઓ વધુ સારી રીતે કાર્ય કરી શકે તે માટે જી.એસ.ટી. અને આવક વેરામાં માફી મળે તથા જ્યાં પણ સરકાર દ્વારા સીધી કે ટેન્ડર દ્વારા ખરીદી થાય છે. તેમાં બહેનોની સહકારી મંડળીઓને અગ્રીમતા મળે તે માટે આપણે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરીશું.

કાર્યશાળાને પૂર્ણ કરતાં મિરાઇબહેને જણાવ્યું કે, એક રિપોર્ટ ભાગ લેનાર દરેક બહેનને મળશે, જેમાં પ્રેક્ટીકલ માહિતી પણ હોય જેમ કે, એન.સી.ડી.સી.ના સરનામા વગેરે. બીજુ એકબીજાનો સંપર્ક રાખવા માટે આપણે એક-બે ક્ષેત્રિય આવી કાર્યશાળા રાખીશું. અને શક્તિવિકાસની તાલીમ પણ રાખીશું. ખાસ બહેનોની નોંધ માટે વધુ ડિજીટલ વિશે કાર્યશાળા ગોઠવીશું. દરેક રાજ્ય તથા કેન્દ્રિય સરકાર સાથે નીતિ અને કાયદાના કેટલાક મુદ્દાઓ અંગે સૌને સાથે રાખીને રજૂ કરીશું. જ્યાં જરૂર લાગે ત્યાં અમુક અભ્યાસ કરીશું જેથી બહેનોની મંડળીઓની વાસ્તવિકતા અને અવાજ રાજ્ય કક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચાડીશું.

અંતમાં 'સેવા કોઑપરેટીવ'ના ડેપ્યુટી ડાયરેક્ટર જયાબહેને સૌનો આભાર માનતા 'અમે પાર કરીશું' ગીત ગાઇને વિદાયી કર્યા.

- **મિરાઇ**

❑

# બહેનોને કેવું સ્વરાજ જોઇએ...

મારું નામ પાયલ અજીતસિંહ. સાત ચોપડી ભણી છું. ગામ મોટી આદરજ, જિલ્લો ગાંધીનગરની રહેવાસી છું. મારા જીવનકથની કહું તો, ૬ વર્ષની ઉંમરે બાળલગ્ન થઇ ગયા હતાં. ૧૫ વર્ષે પહેલી વખત સાસરે ગઇ. સાડી પહેરતા તો આવડે નહી ને રીત-રિવાજ પ્રમાણે માથે ઘુમટો તાણવાનો હતો. એટલી બેબાકળી થતી કે ના પૂછોને વાત! જેમ તેમ જેમ તેમ સાડી પહેરતી થઇ ને માથે ઓઢતી થઇ. ઘરમાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર અને મારા ઘરવાળા. ઘરવાળા કાંઇ કમાતા ન હતાં. ઘરમાં ધીરે-ધીરે રકજક જગડા થવા માંડયા. સસરા જેમ તેમ બોલે સાસુ વઢે મને ઘણું લાગી આવે મુવા ઘરવાળાને કાંઇ ફરક ના પડે. મારા આ બધુ સહન નહોતું થાતું. હું પિયર પાછી આવી ગઇ.

મારી મા ને મેં સઘળી વાત કરી એ કહે બેટા, ઘરમાં તો બધુ ચાલ્યા કરે થોડી સહન-શીલતા રાખવી પડે. બાપુજીએ બીજી વાર સાસરે જવાનું નક્કી કર્યું. ફરી સાસરીમાં આવી. ત્યાં એ ફરી એની એજ પળોજણ રહી. ઘરવાળા મને ગમાડતા નહતા. ઘરમાં ઝગડો થાય તો કાંઇ જ બોલે નહી, કંટાળી ને એક દિવસ નક્કી કરી લીધું કે, હવે સાસરીમાં નથી રહેવું. અને કાયમ માટે પિયર રહેવા આવી ગઇ.

એક દિવસ અચાનક બાપુજીનું મૃત્યુ થયું. ભાઇ ભણેલા નહોતા. હવે ઘરની જવાબદારી મારે માથે આવી ગઇ. એક વાર 'સેવા'ના આગેવાનો મારા ઘરે આવ્યાને મને 'સેવા'ની સભ્ય બનાવી. અને હું 'સેવા'માં જોડાઇને તાલીમો લીધી. સાથે જ 'કેન્સરની રસી' માટેના સર્વેની કામગીરી શરૂ કરી. બીજી બાજુ છૂટાછેડા માટેની અરજી આપી હતી. સાસરીવાળા કહે અમે તેડી જઇશું. ઘરના બધા મને સમજાવતા હતાં. મેં તો ધરાહર ના પાડી દીધી કે હવે હું સાસરીમાં નહી જાઉ, મારે છૂટાછેડા લેવા છે. એક વર્ષ રાહ જોઈ. પછી કોઈ તેડવા આવ્યા નહી. કોર્ટમાં કેસ કર્યો અને હિંમત રાખી. કોર્ટના ધક્કા ઘણો વખત ખાધા અંતે છૂટાછેડા થઇ ગયા. સમાજમાં થોડું ખરાબ લાગતું હતું. કેમ કે, દાદી લીલાબા ગામમાં આગળ પડતા આગેવાન હતા. એમને ના ગમ્યું. પણ, દીકરી(પૌત્રી)ની ખુશીમાં દાદી ખુશ હતા.

થોડા દિવસ પછી ફરી લગ્ન કરવા મને સમજાવવા લાવ્યા, મેં તો ના પાડી કે, હવે મારે લગ્ન નથી કરવા. બસ 'સેવા'માં જોડી રહેવું છે. 'સેવા'નાં આગેવાન બેનો મિટીંગ અને તાલીમમાં ભેગા થતા હતા. અને મને સમજાવતા, કે તારે લગ્ન કરી લેવા જોઈએ. ત્યાં જ એક સારું માગુ આવ્યું ને સાણોદા ગામમાં ફરી લગ્ન થયા.

ભગવાન દુઃખ આપે છે, પછી સુખ પણ એ જ આપે છે. મારી સાસરીમાં મારે ઘરમાં માથે ઓઢવું પડે પણ મેં તો એક વાત નક્કી કરીને લગન કર્યા હતા કે, હું તો 'સેવા'માં કામ કરીશ અને માથે નહી ઓઢું. લગ્ન પછી પહેલીવાર 'સેવા'માં તાલીમમાં ગ્રામહાટ ઓફિસમાં સાથે આવ્યા. ત્યાંથી 'સેવા'ની હવેલી જોવા લઇ ગયા. ત્યાં પણ મારા પતિ સાથે જ હતાં. એમણે જોયું કે, અહીયા તો બધી જ બેનો જ છે, કોઇ વાંધો નથી.

પછી 'સેવા'નું કામ કરવા બીજા ગામડાઓમાં જવાની પણ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-8-2019

હા કહી અને સાડીમાંથી ડ્રેસ પહેરવાની છૂટ આપી. ઘરમાં સાસુ-સસરા કઇ લાવવાનું હોય તો પણ મને કહે કે તમે જાતે લઇ આવો. હવે હું ઘરના કોઇ પણ નિર્ણય લેવાના હોય તો પણ મારા ઘરના બધા મને પણ એમાં પૂછે છે.

મારું બેંકમાં ખાતું પણ છે અને મારા જેવી બીજી ઘણી બહેનોને ખાતા ખોલાવી લોન પણ લેવડાવી છે. મારા ઘરમાં અને સમાજમાં પણ લોકો મને માન આપતાં થયા છે. આ જ પિયરમાં પણ સન્માન મળ્યું છે અને સાસરિયામાં તો આર્થિક સ્વરાજ મળ્યું. આ રીતે હું માનુ છું કે, મને આર્થિક સ્વતંત્રતા મળી છે.

બેનોને કેવું સ્વરાજ જોઈએ...

બેનોને જોઇએ સામાજિક અને આર્થિક સ્વરાજ અને તેની માલ-મિલકતમાં ભાગીદારી, નિર્ણય લેવામાં આર્થિક સ્વરાજ જોઈએ.

નાનપણથી જોતી હતી કે મારા કાકા-દાદી 'સેવા'માં આગેવાનીનું કામ કરતાં હતા. વડીલ દાદી લીલાબા 'સેવા'ના આગેવાન છે. એમના થકી મને પ્રેરણા મળી ને મેં નક્કી કરી જ લીધું કે, મારે 'સેવા'માં કામ કરવું છે. હું 'સેવા'ની ત્રીજી પેઢીની દીકરી છું.

**- તારા**

## ખેડૂતો ચેતે

મેંદરડા તાલુકાના ઈટાળીમાં પિતા જંતુનાશક દવાનો છંટકાવ કરી પુત્રને રમાડતા હતા. ત્યારે કપડામાંથી ઝેરી દવાની અસર થતાં પાંચ વર્ષનો બાળક બેભાન થઇ ગયો હતો. તેને જૂનાગઢ ખસેડાયો હતો, પરંતુ તેનું સારવાર પૂર્વે મોત નીપજ્યું હતું.

મેંદરડા તાલુકાના ઈટાળીમાં રહેતા ગોવિંદભાઇ પૂનાભાઇએ ખેતરે પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કર્યો હતો. દવા છાંટી લીધા બાદ ગોવિંદભાઇ પોતાના પાંચ વર્ષના પુત્ર અજયને તેડીને રમાડતા હતા. તેમના કપડામાંથી જંતુનાશક દવાની અસર થતા પુત્ર બેહોશ થઇ ગયો હતો.

**સાભાર 'ગ્રામ ગર્જના'માંથી**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-8-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001